ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

<u>ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ</u>
<u>અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.</u>

Date : 26th March, 2021

પ્રતિ,

તંત્રી શ્રી,

.............................................................................,

ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

## વાર્તા રે વાર્તા : આજે વિજ્ઞાનની વાર્તામાં આ X- Ray અને તેની શોધ

આ કાર્યક્રમાં રજીસ્ટ્રેશન કરાવેલ ફક્ત ૧૫ લોકોને જ પ્રવેશ આપવામાં આવશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

૨૭મી માર્ચ એટલે ક્ષ-કિરણોનાં શોધક વિલહેમ રહોંજ્નનો જન્મ દિવસ. વિલહેમ રહોંજ્નએ ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર હતા, તેઓએ ૧૮૯૫માં પોતાના અન્ય પ્રયોગ દરમ્યાન આકસ્મિક ક્ષ-કિરણોની શોધ કરી હતી. તેઓએ શોધી કાઢ્યું કે ક્ષ-કિરણો પેશીઓમાંથી પણ પસાર થઇ શકે છે, તેને કારણે શરીરના હાડકાનો ફોટો લઇ શકાય. આ શોધ અંતર્ગત તેમને ૧૯૦૧માં તેઓને નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આજના વિશ્વમાં ડોકટરો શરીરના અંદરના ભાગની તમામ પ્રકારની સમસ્યાઓનું નિદાન કરવા માટે ક્ષ-કિરણ રિપોર્ટ કરવા અંગે સૂચન કરે છે, તૂટેલા હાડકા, ન્યુમોનિયા, હ્રદયની નિષ્ફળતા અને હાલ કોરોનાના વગેરેના નિદાન માટે x-Rayનો ઉપયોગ થાય છે. પરંતુ લાંબા સમય પહેલા આ પ્રકારની માહિતી શસ્ત્રક્રિયા કર્યા પેહલા મળી શકતી નહતી. આપને સહુને ખ્યાલ છે કે ક્ષ-કિરણો આપણને તબીબી ક્ષેત્રે ખુબજ ઉપયોગી છે. આ ક્ષ-કિરણોની શોધનો શ્રેય વિલહેમ રહોંજ્નને ફાળે જાય છે.

આ દિવસ અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વાર્તા રે વાર્તા : આજે વિજ્ઞાનની વાર્તામાં આ ક્ષ-કિરણો અને તેની શોધ વિષે (સ્ટોરી ટેલીંગ પ્રોગ્રામ)નું આયોજન તા. ૨૭-૦૩-૨૦૨૧ના રોજ સાંજે ૪.૩૦ કલાક થી ૫ કલાક દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમાં રજીસ્ટ્રેશન કરાવેલ ફક્ત ૧૫ લોકોને જ પ્રવેશ આપવામાં આવશે.

આ વિજ્ઞાનની વાર્તા કાર્યક્રમમાં રજીસ્ટ્રેશન કરાવવા માટે સવરે ૧૦ વગ્યા થી બપોરના ૩ વાગ્યા દરમ્યાન 8866570111 પર ફોન કરવામો રહેશે.

૨૬/૦૩/૨૧
6:24 pm

(હર્ષદ જોષી)

કો-ઓર્ડીનેટર,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,

ભાવનગર.